# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

## પરીક્ષા વિભાગ-૦૨

### યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૬૫૧૧ એક્સટે. નં.૭૩૪ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ : exam02@sauuni.ac.in


નં.પરીક્ષા/૦૨/૨૫૦૦૬૦૧/૨૦૨૫ તા.૧૭/૦૪/૨૦૨૫

**સુધારેલ પરિપત્ર**

**પ રિ પ ત્ર**

**વિષય :- વર્ષ ૨૦૨૪-૨૦૨૫ બીજા સત્રની સ્નાતક કોર્સની સેમેસ્ટર-૦૨ અને ૦૪ની પ્રાયોગિક/પ્રોજેક્ટ વાઈવા પરીક્ષાઓ લેવા બાબતે.**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન મેડીકલ/પેરા મેડીકલ સિવાયની લાગુ પડતી તમામ વિદ્યાશાખાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, **સને ૨૦૨૪-૨૫ના બીજા સત્રની** પરીક્ષાઓમાં જે વિષયમાં પ્રાયોગિક/પ્રોજેક્ટ વાઇવા પરીક્ષાઓ લેવાની થાય છે. જેમાં **કોલેજ કક્ષાએ (સ્થાનિક ધોરણે) તમામ કોલેજના આચાર્યશ્રીઓ દ્વારા નીચે દર્શાવેલ દિવસો દરમ્યાન ગોઠવવાની અને તેની ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે અને તેની જાણ કોલેજના પરીક્ષાર્થીઓને કરવાની રહેશે.**

આચાર્યશ્રી દ્વારા ગોઠવાયેલ ઉપર્યુક્ત સ્નાતક કોર્સની સેમેસ્ટર-૦૨ અને ૦૪ની પ્રાયોગિક/પ્રોજેક્ટ પરીક્ષાઓના કાર્યક્રમની બે નકલ તેમજ પ્રાયોગિક પરીક્ષામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણીક માન્યતા પ્રાપ્ત પરીક્ષકોને આચાર્યશ્રી દ્વારા અપાયેલ નિમણુંકના ઓર્ડરની એક નકલ પ્રાયોગિક પરીક્ષા શરૂ થયાના ૦૩ દિવસ પહેલા પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટને મોકલી આપવાની રહેશે.

- **તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૩૦/૦૪/૨૦૨૫ સુધીમાં સ્નાતક કોર્સની સેમેસ્ટર-૦૨ અને ૦૪ની પ્રાયોગિક/પ્રોજેક્ટ વાઈવા પરીક્ષા કોલેજ કક્ષાએ પૂર્ણ કરવાની રહેશે. અને તેમના ગુણની ઓનલાઈન એન્ટ્રી તા.૧૫/૦૩/૨૦૨૫ થી તા.૧૫/૦૫/૨૦૨૫ સુધીમાં કરવાની રહેશે. જે ખાસ ધ્યાને લેશો.**

વિદ્યાર્થીઓના પ્રાયોગિક પરીક્ષાઓના માર્કસની ઓનલાઈન એન્ટ્રી થયા બાદ SAVE કરીને તેની પ્રિન્ટ કાઢીને તેની ખરાઈ કરી તેમાં જે તે વિષયના અધ્યાપકશ્રી તથા આચાર્યશ્રીએ સહી સિક્કા કરી કોલેજના રેકોર્ડ પર રાખવાની રહેશે. યુનિવર્સિટીને જરૂર પડે ને મંગાવે ત્યારે નકલ આપવાની રહેશે.

- **સુચના:-**

(૧) **સ્નાતક કોર્સના સેમેસ્ટર-૦૨ અને ૦૪ મેડીકલ/પેરામેડીકલ સિવાયની લાગુ પડતી** તમામ વિદ્યાશાખાઓના રેગ્યુલર તથા રીપીટર (૨૦૧૯) વિદ્યાર્થીઓની પ્રાયોગિક ગુણની એન્ટ્રી ઓનલાઈન સોફ્ટવેર ૧. https://www.saurashtrauniversity.co.in ૨. https://exam.saurashtrauniversity.edu માં આપેલ યુઝર મેન્યુઅલ મુજબ કરવાની રહેશે.

(૨) વિદ્યાર્થીઓનાં સીટ નંબરની યાદી જે કોલેજને મળેલ ન હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓના નામ અને એનરોલમેન્ટ નંબર ઉપર પ્રાયોગિક પરીક્ષા લેવાની રહેશે. (પ્રાયોગિક પરીક્ષાની ઉતરવહીઓ સંસ્થાએ નિર્ધારિત સમય સુધી સાચવવાની રહેશે.)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

## પરીક્ષા વિભાગ-૦૨

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૬૫૧૧ એક્સટે. નં.૭૩૪ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ : exam02@sauuni.ac.in


(૩) વધુમાં જણાવવાનું કે આચાર્યશ્રીઓએ પ્રાયોગિક પરીક્ષામાં પોતાની કોલેજનાં સીનીયર શૈક્ષણિક માન્યતા પ્રાપ્ત અધ્યાપકોને નિમણુંક આપી પ્રાયોગિક પરીક્ષાઓ લેવાની રહેશે અને જો કોલેજમાં માન્ય અધ્યાપક ન હોય તો, ત્યાંથી નજીકની કોલેજમાંથી માન્ય અધ્યાપકનો સંપર્ક કરીને પરીક્ષા પૂર્ણ કરવાની રહેશે.

(૪) પ્રાયોગિક પરીક્ષાના સંચાલન પેટે જે તે કોલેજનાં આચાર્યશ્રીને કો-ઓર્ડીનેટર તરીકે નિમણુંક કરવા અથવા આચાર્યશ્રી જે અધ્યાપકને નિયુક્ત કરે તેમને રૂ! ૧૨૫/- (અંકે રૂપિયા એકસો પચ્ચીસ)નું મહેનતાણું પ્રતિ-દિન ચુક્વવું. આ ફક્ત ગ્રાન્ટેડ/સરકારી કોલેજોને જ લાગુ પડશે.

(૫) આ કાર્યાલયનાં તા.૧૭/૦૮/૨૦૦૯નાં પરિપત્ર ક્રમાંક પરીક્ષા/૦૨/૧૫૫૧/૨૦૦૯ અનુસાર સેલ્ફ ફાઈનાન્સ કોલેજ તથા ગ્રાન્ટેડ કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સ કોર્ષ ચલાવતી કોલેજોએ પ્રાયોગિક પરીક્ષા સંચાલનનો તમામ ખર્ચ ભોગવવાનો રહેશે, ખર્ચનાં હિસાબોની ફાઈલ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે નહીં. પરંતુ પ્રાયોગિક પરીક્ષા સંચાલન ખર્ચનાં તમામ હિસાબો તૈયાર કરી કોલેજે પોતાના રેકોર્ડ ઉપર રાખવાના રહેશે. જે યુનિવર્સિટીની જરૂરીયાત ઉભી થયે માંગવાથી રજુ કરવાનાં રહેશે.

(૬) ઉપર મુજબની જાણ કોલેજનાં શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓના ધ્યાન પર મૂકવા અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.

પરીક્ષા નિયામક

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫

પ્રતિ

૦૧ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓ તરફ

નકલ રવાના:-(જાણ સારૂં તથા યોગ્ય થવા અર્થે)

૧. માન. કુલપતિશ્રી / માન. કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૨. મુખ્ય હિસાબી અધિકારી, હિસાબ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૩. ઓડીટર, ઓડીટ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૪. પરીક્ષા કોમ્પ્યુટર વિભાગ
૫. પરીક્ષા વિભાગ-૦૧, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. (પ્રાયોગિક પરીક્ષાઓ માટેની ઉતરવહીઓ તથા ગ્રાફ પેપર્સ જે તે કોલેજને સમયસર પહોચતા કરવા અર્થે.)